Friday
15.09.2023
✳Volume :8 ✳ Issue No.51
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્ Daily

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

સાગરખેડુઓના ઉત્કર્ષ માટે PM મત્સ્ય સંપદા યોજના હેઠળ માતબર રૂ.૨૦,૦૦૦ કરોડનું જંગી અનુદાન ફાળવ્યું

દરિયા કિનારા નજીક માછલીઓ મળતી નથી, જેથી ભારત સરકાર સ્ટોક રિન્ચિંગ માટે જુદા જુદા પગલાં લઈ રહી છે.:કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલા

કેન્દ્રિય મંત્રી શ્રી પરસોત્તમ રૂપાલાના અધ્યક્ષસ્થાને આઇસીએઆર-સીઆઈબીએના ઝીંગા ફાર્મર્સ કોફ્લેવ-૨૦૨૩ યોજાઇ

કમલમ્ ન્યુઝ,નવસારી

ભારત સરકારનાં મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગનાં કેન્દ્રીય મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને આજરોજ આઈસીએઆર-સીઆઈબીએનાં શ્રિમ્પ ફાર્મર્સ કોફ્લેવ-૨૦૨૩ યોજાઈ હતી.

તેમની સાથે નવસારીના સાંસદશ્રી સી.આર.પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રિય મંત્રી શ્રી પરસોત્તમભાઈ રૂપાલાએજણાવ્યું હતું કે, આઝાદી બાદતત્કાલીન સરકારદ્વારામત્સ્ય ઉદ્યોગની સદંતર ઉપેક્ષા કરવામાં આવી હતી. વર્ષ ૧૯૪૭ થી ૨૦૧૪ સુધી કુલ માત્ર રૂ.૩૬૮૦ કરોડનો ખર્ચ કરાયો હતો. જેની સામે વર્તમાન કેન્દ્ર સરકારે સાગરખેડુઓના સર્વાંગી વિકાસ અને સાગરખેડુઓના ઉત્કર્ષ માટે ર મત્સ્ય સંપદા યોજના હેઠળ માતબર રૂ.૨૦,૦૦૦કરોડનું જંગી અનુદાનફાળવ્યું છે.

આ સાથે જ મત્સ્ય ક્ષેત્રના આંતરમાળખાકીય વિકાસ માટે રૂ.૧૫,૦૦૦ કરોડના બજેટની જોગવાઈ કરી છે. એટલું જ નહીં માછીમારોનાવિકાસ માટેઅને આ ઉદ્યોગને વેગ આપવા માટે પ્રધાનમંત્રીશ્રીએ એક અલાયદા મંત્રાલયનીરચના કરીછે. ગુજરાત રાજ્ય મત્સ્ય પેદાશોના ઉત્પાદનમાં દેશમાંઅગ્રસ્થાને છે ત્યારે ગુજરાત મત્સ્ય પેદાશોના નિકાસ માટે વધુ યોગદાન આપે તેનાથી દેશની આવકમાં વૃદ્ધિ થવાની સાથે માછીમારોના આર્થિકવિકાસને વેગ મળશે તેમ જણાવતા મંત્રી શ્રી રૂપાલાએ કહ્યું કે, દેશ-ગુજરાતમાં ડીપ ફિશિંગ વણખેડ્યું રહ્યું છે. ઉપરાંત મત્સ્યઉદ્યોગ ક્ષેત્રે પ્રોસેસિંગના વિકાસની અપાર સંભાવના રહેલી છે. ત્યારે આ દિશામાં નવીન ટેકનોલોજી અપનાવી મત્સ્યઉદ્યોગને વેગ આપી શકાશે. આ સાથે તેમણે કહ્યું કે, દરિયા કિનારા નજીક માછલીઓ મળતી નથી જેથી ભારત સરકાર સ્ટોક રિન્ચિંગમાટે જુદાજુદા પગલાં લઈ રહી છે. આ અવસરે સાંસદ શ્રીસી.આર.પાટીલેજણાવ્યું હતું કે, ભારત ૮ હજાર કિમીનો વિશાળ સાગર તટ ધરાવેછે. અનુકૂળ પરિસ્થિતિનો સામનોકરીને દરિયો ખેડતા માછીમારોના સામાજિક અને આર્થિક વિકાસ અને ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખવા માટે વડાપ્રધાનશ્રીના દીર્ઘદૃષ્ટિપૂર્ણ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ અલાયદા મત્સ્ય મંત્રાલયનીરચના કરવામાં આવીછે.

ગુજરાત રાજ્ય વિશાળ દરિયા કિનારો ધરાવે છે ત્યારે મત્સ્યઉદ્યોગનું નવો વેગ આપવા સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવીછે. ભારતમાં બ્લૂ ઈકોનોમીને વેગ આપવા અને માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારે ૧૮૦થી વધુ યોજનાઓઅમલી બનાવીછે. આ સાથે તેમણે કહ્યું કે, તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના વડાપ્રધાન

ભારતમાં બ્લૂ ઈકોનોમીને વેગ આપવા અને માછીમારોને ઘરઆંગણે યોજનાકીય લાભો આપવાના ઉદ્દેશથી ૧૮૦થી વધુ યોજનાઓ અમલી સાંસદશ્રી સી.આર.પાટીલ

શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએમાછીમાર સમુદાયને નવીઓળખ આપવાની સાથે મુખ્ય ધારામાં જોડવાનું મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારો, માછીમાર સમુદાયોને સરકાર દ્વારાઅમલી કલ્યાણકારી યોજનાઓ અનેકાર્યક્રમોથી જાગૃત કરવાસરકાર કટિબધ્ધછે કાર્યક્રમ દરમિયાન સીઆઈબીએ અને નેશનલ ફિશરીઝડેવલપમેન્ટ બોર્ડ (એનએફડીબી) વચ્ચે સમજૂતીકરાર (એમઓયુ) એન.એફ.ડી.બી. દ્વારા ઓફર કરવામાં આવતી પ્રીમિયમ સબસિડી સાથે જળચરઉછેર માટે પાક વીમાનો અમલ કરવા માટે અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ) અનુક્રમે ગુજરાતની સીઆઈબીએ અને ફિશ ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (એફએફપીઓ) નો અમલ અને એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડની પ્રોડક્ટ ઝીંગા પાક વીમાને પણ લોન્ચ મહાનુભાવોના હસ્તે કરવામાંઆવ્યુ હતુ.

પુસ્તકો અને પ્રકાશનોનું વિમોચન તથા લાભાર્થીઓને ચેક વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાંઆવ્યું હતું.

આ સંમેલનમાંખાસ કરીને ઝીંગાના બિયારણની ગુણવત્તા, ઝીંગાના ભાવ, વૈવિધ્યકરણ અને વીજળીના દર વગેરે અંગેની જરૂરિયાતો વિશે ચર્ચા કરવા માટે એકે જળચરઉછેર પાક વીમા પર વિશેષ સત્રઅને આંતર-વિભાગીય અધિકારીઓની ભાગીદારી સાથે પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ અવસર

આઈસીએઆરનાનાયબ નિયામક (મત્સ્યોદ્યોગ) ડો.જે.કે.જેના, આઈસીએઆર-સીઆઈબીએના ડાયરેક્ટર ડો.કુલદીપ કે લાલ, એગ્રિકલ્ચરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડના ચેરમન કમ મેનેજિંગ ડિરેક્ટર શ્રીગિરીજા સુબ્રમણ્યમ, નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.ઝેડ.પી.પટેલ, નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડના ચીફ એક્ઝિક્યુટીવ ડો.એલ. નરસિમ્હા મૂર્તિ, ફિશરીઝ કમિશ્નર શ્રી નીતિન સાંગવાન, જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ સહિતના અધિકારીશ્રીઓ તેમજ મોટીસંખ્યામાં ઝીંગા ઉછેર સાથે જોડાયેલ વેપારીઓ તેમજ સાગરખેડૂઓ ઉપસ્થિતરહ્યા હતા.

ગરીબોને આયુષ્યમાન કાર્ડ આપવાની ઝૂંબેશનો સાવલી ખાતેથી પ્રારંભ

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ આયુષ્યમાન ભવઃ યોજનાનો પ્રારંભ કરાવ્યો તેમાં સાવલીથી નાગરિકો પણ વર્ચ્યુઅલી જોડાયા

સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટની અંગદાન અને રક્તદાન કરવા માટેની અપીલ

કમલમ્ ન્યુઝ,વડોદરા,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકો માટે આરંભેલી આયુષ્યમાન ભારત યોજનાને સેચ્યુરેશન પોઈન્ટ સુધી લઈ જવા માટે દેશભર માં ચલાવવામાં આવનારી મુહીમનો રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ પ્રારંભ કરાવ્યો, તેની સાથે વડોદરા જિલ્લામાં સાવલી ખાતેથી પણ આ ઝૂંબેશનો પ્રારંભ થયો છે. સાવલી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જોડાયેલા સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કારણે આજે અનેક પરિવારોને ત્યાં આવેલી પડેલી માંદગીની આફતમાં આયુષ્યમાન કાર્ડ દેવદૂત સાબીત થાયછે અને સારવાર માટેની આર્થિક મુશ્કેલીમાંસહાયરૂપ બન છે. તેમણે જણાવ્યું કે, હવે સરકાર દ્વારા વિવિધ યોજનાના લાભો તમામ લાભાર્થીઓને શોધીને આપવાનું અભિયાન ચલાવવામાં આવી રહ્યુંછે. એમાં આયુષ્યમાન ભારત યોજનામાંએક પણ લાભાર્થી બાકી ના રહી જાય એની તકેદારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાખવી આવી રહી છે. એ સરાહનીય બાબત છે. આ માટે ઝૂંબેશ ચાલી રહી છે ત્યારે, શ્રીમતીભટ્ટે તમામ લોકોને આ યોજનાનો લાભ લેવા અને અપાવવા માટે અપીલ કરી હતી. સાંસદશ્રીએ એમપણ ઉમેર્યું કે, આયુષ્યમાનભવઃ અભિયાનની સાથે અંગદાનના સંકલ્પ લેવડાવવાનું આયોજન કરવામાં આવ્યુંછે.અંગદાન એએવુંપુણ્યનું કાર્ય છે , જેમાં મૃત્યુ બાદ પણ આપણાઅંગ થકીબીજી વ્યક્તિમા જીવિતરહીશકાય છે.અંગદાન એ મહાન સેવાનું કાર્ય છેઅને એનાથી પુણ્યનું ભાથુંબાંધી શકાય છે. તથી સૌ કોઈએ આજે જ અંગદાનનો સંકલ્પ લેજો જોઈએ. સરકારી દવાખાનાઓમાં ગરીબ દર્દીઓને કોઈ તકલીફ ના પડે એ માટે રક્તદાન કરવાપણતેમણે અપીલ કરીહતી. કલેક્ટરશ્રી અતુલગોરે આયુષ્યમાન ભવઃ અભિયાની રૂપરેખા આપતા કહ્યું કે, આયુષ્યમાન કાર્ડનાકારણે અનેક ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારના સભ્ય ની વિનામૂલ્યે સારવાર થાય છે. આ કાર્ડ આશીર્વાદરૂપ છે. એથી વડોદરા જિલ્લામાં આયુષ્યમાન કાર્ડ મળવાપાત્ર તમામ લાભાર્થીઓને આપવાનું આયોજન કરવામાંઆવ્યું છે અને આ માટે ખાસ કેમ્પ, આયુષ્યમાન મેળા યોજાશે. ઉપસ્થિત નાગરિકોએ રાષ્ટ્રપતિશ્રી અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાના રાષ્ટ્રીય કાર્યક્રમના જીવંત પ્રસારણને રસપૂર્વક નિહાળ્યું હતું. મહાનુભાવોનાહસ્તે આયુષ્યમાન કાર્ડના લાભાર્થીઓને કાર્ડનું વિતરણ ઉપરાંત નિક્ષય મિત્ર યોજનામાં સહયોગ આપનારી સંસ્થા દીપક ફાઉન્ડેશન તથા જયુબિલન્ટ ફાઉન્ડેશનનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન પ્રાંત અધિકારી શ્રી હિતેશ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે નગરપાલિકા પ્રમુખશ્રી હર્ષદભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કિરીટભાઈ બારોટ, પાલિકા ઉપપ્રમુખ શ્રી ચેતનભાઈ દવે, પાલિકાની સ્થાયી સમિતિના ચેરમેનશ્રી મોનાબેનશાહ, પંચાયત સભ્ય શ્રી ગીતાબેનસોલંકી, અધિક મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.ભારતીબેનઘોળકિયા સહિતના આરોગ્ય અમલદારોઉપસ્થિત રહ્યા હતા.

આદરણીય પ્રધાનમંત્રી અને વિશ્વ નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિન નિમિતે ભારતીય જનતા પાર્ટી દ્વારા તા.૧૭ સપ્ટેમ્બર થી તા. ૦૨ ઓક્ટોબર સુધી સેવા પખવાડિયું મનાવવામાં આવશે

માનનીય ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલ સાહેબ દ્વારા સેવા પખવાડિયા તથા બીજા સેવાકીય કાર્યક્રમોની માહિતી પત્રકાર પરિષદમાં આપવામાં આવી

કમલમ્ ન્યુઝ, આગામી ૧૭ સેપ્ટમ્બરના રોજ આદરણીય પ્રધાનમંત્રી અને વિશ્વ નેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો જન્મ દિન આવે છે . ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રધાન મંત્રીના જન્મ દિનની ઉજવણી સેવાકીયપ્રવૃત્તિઓ કરીને કરવામાં આવે છે . તે કમમાં ભારતીય જનતા પાર્ટી , સુરત મહાનગર પરિવાર દ્વારા પણ આ વખતે ખૂબ જ દબદબાભેર અને ભવ્ય રીતે આ ઉજવણી કરવામાં આવશે , રક્તદાન કેમ્પ , આયુષ્યમાન કાર્ડકેમ્પ ,હેલ્થ કેમ્પ , દલિત વસ્તી સંપર્ક કાર્યક્રમ , સુપોષણ અભિયાનજેવાઅનેકવિધ સેવાકીય કાર્યક્રમો સેવાપખવાડિયા દરમ્યાન આયોજિત કરવામાં આવ્યા છે.સાથે ૨૫ સેપ્ટમ્બરના રોજ " પંડિત દીનદયાળજી જન્મજયંતિ " અને ૦૨ ઓક્ટોબરનારોજ "મહાત્મા ગંધી જન્મજયંતિ " પણ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવશે. ઉપરોક્ત પત્રકાર પરિષદમાં સુરત શહેર પ્રમુખશ્રી નિરંજન ઝાંઝમેરા ,સુરત મહાનગરપાલિકાનાનવ નિર્વાચિત પ્રથમ નાગરિક મેયર શ્રી દક્ષેશ માવાણી, સુરત શહેર મહામંત્રીશ્રીઓ શ્રી કિશોરભાઈ બિન્દલ , શ્રી મુકેશભાઈ દલાલ , શ્રી કાળુભાઈ ભીમનાથ , સુરત મહાનગરપાલિકાનાનવ નિર્વાચિત ડેપ્યુટી મેયર શ્રી ડૉ. રવિપાટીલ , સ્ટેન્ડિંગકમિટીચેરમેન શ્રી રાજન પટેલ , શાસક પક્ષ નેતા શ્રીમતી શશી ત્રિપાઠી , દંડક શ્રી ધર્મેશ વાણીયાવાળા , પૂર્વ મેયર શ્રી જગદીશપટેલ ઉપસ્થિતરહ્યાહતા.

kamalam daily newspaper-29-08-2023

તંત્રી સ્થાનેથી.....

૯મી ઓગસ્ટ ૨૦૨૩ના રોજ દેશ માટે પોતાનો જીવ આપનાર 'વીરોને' શ્રદ્ધાંજલિ આપવા માટે "મેરી માટી મેરા દેશ", દેશવ્યાપી અભિયાન શરૂ કરવામાંઆવ્યું હતું. આ ઝુંબેશએ 'આઝાદીકા અમૃત મહોત્સવ'નો સમાપન પ્રસંગ છે, જે ૧૨મી માર્ચ ૨૦૨૧ના રોજ શરૂ થયો હતો અને સમગ્ર ભારતમાં આયોજિત ૨ લાખથી વધુ કાર્યક્રમો સાથે વ્યાપક જન ભાગીદારી (જન ભાગીદારી) જોવા મળી છે. આ ઝુંબેશમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સુરક્ષા દળોને સમર્પિત શિલાફલકમની સ્થાપનાજેવા કાર્યક્રમોતેમજ પંચ પ્રાણ સંકલ્પ, વસુધા વંદન, વીરોન કા વંદન જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે જે આપણા બહાદુરોના બહાદુરબલિદાનની આરાધના કરે છે.મેરી માટીમેરા દેશ અભિયાનનો પ્રથમ તબક્કો વ્યાપક પહોંચ અને પ્રચંડ જનભાગીદારી સાથે અસાધારણ સફળ સાબિત થયોછે. અત્યાર સુધીમાં ૩૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં.૩૩ લાખથી વધુ શિલાફલકમ બાંધવામાંઆવ્યા છે. વેબસાઈટ પર આજ સુધીમાં લગભગ ૪ કરોડ પંચ પ્રાણ પ્રતિજ્ઞા સેલ્ફીઅપલોડ કરવામાંઆવી છે.દેશભરમાં ૨ લાખ બ્રેન્ઝહાર્ટ સન્માન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુંછે. વસુધાવંદન થીમહેઠળ, ૨.૩૬ કરોડથી વધુ સ્વદેશી રોપાઓ વાવવામાં આવ્યા છે અને ૨.૬૩ લાખ અમૃત વાટિકાઓ બનાવવામાં આવીછે. હવે સમગ્ર દેશમાં આયોજિત અમૃત કલશ યાત્રાઓ સાથે અભિયાન તેના બીજા તબક્કામાં પ્રવેશવા માટે તૈયાર છે. સમગ્રભારત આઉટરીચઅભિયાન તરીકે, તેનો ઉદ્દેશ્ય દેશના દરેકઘર સુધીપહોંચવાનો છે.સમગ્ર ભારતમાંગ્રામીણવિસ્તારોના ૬ લાખથી વધુ ગામડાઓ અને શહેરી વિસ્તારોના વોર્ડમાંથી માટી અને ચોખા જેવાઅનાજ એકત્રકરવામાં આવીરહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં, તેને બ્લોક લેવલ પર જોડીને બ્લોક લેવલ કલશ બનાવવામાં આવશે. રાજ્યની રાજધાનીથી ઔપચારિક વિદાય પછી, આ કલશ રાષ્ટ્રીય કાર્યક્રમ માટે દિલ્હી આવશે. શહેરી વિસ્તારોમાં, માટીને વોર્ડમાંથી એકત્રિત કરવામાં આવે છે અને રાજ્યની રાજધાની મારફતે દિલ્હીમાં મિશ્રણ અને પરિવહન માટે મેટ્રોશહેરી સ્થાનિક સંસ્થાઓમાં લાવવામાં આવે છે. એવી અપેક્ષા છે કે અંતિમ કાર્યક્રમ માટે ઓક્ટોબરના અંત સુધીમાં ૮૫૦૦ થી વધુ કળશ દિલ્હી પહોંચશે. આઝાદી કા અમૃત મહોત્સવની યાદમાં વારસો રચીને ભારતના ખૂણે ખૂણેથી એકત્રિત કરવામાં આવેલી માટીને અમૃત વાટિકામાં અને અમૃત સ્મારકમાં મૂકવામાં આવશે.

કમલમ્ ન્યુઝ,
રકશ્વેશ્વર મેળા ના ઉદ્ઘાટન પ્રસન્ગે આવે લા રાજ્યના માજી મુખ્ય મંત્રી અને બીજેપી ના પંજાબ પ્રભારી શ્રી વિજય ભાઈ રૂપાણી સાથે કડવા પાટીદાર વિધાર્થી ભુવન જોષપર (નદી) ખાતે સુભેરછા મુલાકાત સાથે જિલ્લા અને મોરબીશહેર ભાજપ સાથે રહ્યા

રાજકોટમાં જિલ્લા કક્ષાનો "આયુષ્માન ભવ:" સેવા પખવાડ્યિાનો ઉદઘાટન સમારોહ યોજાયો

કમલમ્ ન્યુઝ,રાજકોટ
આરોગ્ય સેવાઓજન જન સુધી પહોંચાડવા ગાંધીનગર ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા "આયુષ્માન ભવ" નામક રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનો શુભારંભ કરાવાયો હતો. આ "આયુષ્માન ભવ:" અભિયાન હેઠળ દેશભરમાં તા.૧૭સપ્ટેમ્બરથીર ઓક્ટોબર દરમિયાન સેવા પખવાડિયામાં 'આયુષ્માન સભા' ના કાર્યક્રમો યોજાશે આરાષ્ટ્રવ્યાપી કાર્યક્રમની શુંખલાઅન્વયે રાજકોટ જિલ્લાનો આ કાર્યક્રમરાજકોટ્નીપી.ડી.યુ. હોસ્પિટલમાં આવેલ સરકારી નર્સિંગકોલેજ ખાતેસાંસદશ્રી રામ ભાઈ મોકરિયા અને શ્રી મોહનભાઈ કુંડારીયા તથા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભૂપતભાઈ બોદરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. રાજકોટ જિલ્લા વહિવટી તંત્ર, પી.ડી.યુ. હોસ્પિટલ અને જિલ્લા પંચાયત દ્વારા સંયુકતપણે આયોજિત આ કાર્યક્રમમાં સાંસદશ્રી રામભાઈ મોકરિયાએ કહ્યુંહતું કે,વિશ્વની સૌથીમોટી આ આરોગ્યલક્ષી યોજનાનો લાભ વધુને વધુ લોકો લઈ શકે તે માટે સરકાર સતત પ્રયત્નશીલછે. લોકો તંદુરસ્ત રહે,બીમારીમાં આરોગ્ય કવચ મળી રહે, બીમારીમાં દર્દીનો ખર્ચ બચે એ માટે વડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પી.એમ. જે.એ.વાય. (પ્રધાનમંત્રી જન આરોગ્યઆયુષ્માન યોજના) અમલી બનાવી છે. વડપ્રધાનશ્રી દ્વારા દરેક નાગરિકને વીમા અને સરકારી સહાય મળે તે માટે ના પ્રયત્નો કરાઈરહયા છે. સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયાએઆ પ્રસંગે કહ્યું હતું કે, બીમારીમાં લોકો ઉછીના રૂપિયા લઈને અથવા પોતાની બચત-મૂડી તોડીને બીમારીનો ઉપચાર કરાવતા હતા, ત્યારે આયુષ્માન કાર્ડથી વડાપ્રધાનશ્રીએ દેશના લોકોની આરોગ્ય માટેની ચિંતા કરી દરેક જરૂરિયાતમંદ પરિવારને આરોગ્ય કવચ આપવાનુંઅભિયાન ઉપાડ્યું છે.

ખાનગી દવાખાનામાં પણ દર્દીઓ આયુષ્માન કાર્ડ મારફતે ઉચ્ચ સારવારવિના મૂલ્યે લઈ શકે છે. આ કાર્યક્રમનો મહાનુભાવોના હસ્તે દિપપ્રાગ્રદય થીશુભારંભ થયા બાદ પી.ડી.યુ. હોસ્પિટલના અધિક્ષક ડો. આર એસ વિવેદીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉનિલેશરાઠોડ, જિલ્લા ક્ષય અધિકારીશ્ર ડો. ઘનશ્યામ મહેતા, ડો. પી.કે.સિંઘ, નર્સીંગ કોલેજનાઆચાર્યશ્રી અરુણાબેન, મેડિકલ કોલેજના ડિનશ્રી ભારતી પટેલ, પી.એમ. જે. એ. વાય. ના નોડલ ઓફિસર ડો. ચાવડા, પી.ડી.યુ. મેડિકલ કોલેજના સ્ટાફ વગેરે ઉપસ્થિતરહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,
ગુજરાતસરકાર દ્વારા શિક્ષકદિન નીઉજવણીના ભાગરૂપે શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ ૨૦૨૩ નાઆયોજન કરવામા આવ્યો હતો. તેમાબેસિલ સ્કુલમાંકન્જ બજાવતાસહાયક શિક્ષકઅને NCC ઑફિસર ડોક્ટર અમરપાલ સિંગને વડોદરા જીલ્લાના વર્ષ ૨૦૨૩ - ૨૦૨૪ માટે શ્રેષ્ઠશિક્ષક નોએવાર્ડ આપવામાંઆવ્યો વડોદરાજીલ્લાના કલેક્ટર શ્રી એ. બી. ગોરના દ્વારા તમજ ડી. ઈ. ઓ. શ્રી રાકેશ વ્યાસની મોજૂદગીમાં એવાર્ડ આપી સમ્માનિત કરવામાં આવ્યા હતા.

ઉપલેટા ખાતે રૂ.૧.૮૦ કરોડના ખર્ચેનવનિર્મિત ૧૧ ગ્રામ પંચાયત ભવનનો ઈ- લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

આધુનિક સુવિધાસભર ગ્રામ પંચાયત બનવાવી ગ્રામજનોને ઘર આંગણે મળશે સરકારી સેવાઓનો લાભ

કમલમ્ ન્યુઝ,રાજકોટ
રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના નગરપાલિકા ટાઉન હોલ ખાતે ધારાસભ્યશ્રી મહેન્દ્ર પાડલીયા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરીનીપ્રેરક ઉપસ્થિતિમાંનવનિર્મિત ૧૧ ગ્રામપંચાયત ભવનનો ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. રૂપિયા ૧.૮૦ કરોડના ખર્ચે માખીયાળા, ભાખ, મજેઠી, ખાખીજાળીયા, વડખણ, રબારીકા, તલગણા, ખારચીયા, ઢાંક, કોલકી અને વડાળી ગામમાં ગ્રામ પંચાયત ભવનો બનાવવામાં આવ્યાછે. જેના કારણે ગામડાઓને આધુનિક સુવિધાવાળા પંચાયત ભવનનીસુવિધા પ્રાપ્ત થવાની સાથેઘર આંગણે સરકારીસેવાઓનો લાભ મળશે.આ કાર્યક્રમમાંતાલુકા પંચાયતનાપ્રમુખશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, સ્થાનિક અગ્રણીશ્રીઓ, ગ્રામ પંચાયતના સરપંચશ્રીતેમજ અન્ય ગ્રામજનો બહોળીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરાની એસ. ડી. પટેલ હાઈસ્કૂલમાં પોષણ માસના અનુસંધાને મિલેટ્સ મેળો યોજાયો

પટેલ હાઇસ્કૂલના ૭૫ છાત્રો વિવિધ પ્રકારના શ્રી અન્નની ૭૫ વાનગીઓ બનાવી અને તેનું નિદર્શન યોજ્યું

કમલમ્ ન્યુઝ,વડોદરા,
પોષણ માસની ઉજવણીના સંદર્ભે વડોદરા જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા શરૂ કરવામાં આવેલા મિલેટ્સ મેળામાં આજે વડોદરાની એસ. ડી. પટેલ હાઈસ્કૂલનાછાત્રોપણ જોડાયાહતા અને મિલેટ્સની વિવિધ પ્રકારની વાનગીબનાવીને લાવ્યાહતા. જેની નિદર્શન ગોઠવવામાં આવ્યું હતું. એસ. ડી. પટેલ હાઇસ્કૂલના ૭૫ છાત્રો વિવિધ પ્રકારના શ્રી અન્નની ૭૫ વાનગીઓ બનાવીને લાવ્યા હતા. જેનું શાળામાં નિદર્શન ગોઠવવામાંઆવ્યું હતું.શ્રી અન્નના સેવનથી મળતા પોષક તત્વોની તેની સાથે માહિતી આપવામાં આવી હતી. છાત્રોને પોતાના ઘરે પણ શ્રીઅન્નનો ઉપયોગકરવામાટે સમજુતી આપવામાં આવી હતી. બાદમાં આયુર્વેદિક અધિકારી ડો. સુધીર જોશી અને શાળાના તજજ્ઞો દ્વારા શ્રેષ્ઠ વાનગીઓ પસંદ કરવામાં આવી હતી અને તેને વિજેતાજાહેર કરવામાંઆવી હતી. મિલેટ્સ મેળો યોજવામાં શાળાના આચાર્યશ્રી તથા શાળા પ્રબંધનનો સહયોગમળ્યો હતો.

કુશળ કારીગરોના સર્જનના ઉદ્દેશ્ય સાથે "પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના" નો ૧૭ સપ્ટેમ્બરથી શુભારંભ

જુદા-જુદા ૧૮ વર્ગના કારીગરો માટે કૌશલ્ય તાલીમ, લોન સહાય તેમજ માર્કેટિંગ સપોર્ટ સાથે ઉચ્ચ રોજગારીના દ્વાર ખુલશે

પાંચ વર્ષમાં દેશભરના ૩૦ લાખ જેટલા કારીગરોને મળનારો લાભ.

કમલમ્ ન્યુઝ,
દેશમાંપરંપરાગત વ્યવસાય સાથે લાખો લોકો સંકળાયેલા છે. આ કારીગરોની કુશળતાને પ્રવર્તમાન સમયનીમાંગ અનુસાર આધુનિકતાનોઓપ મળીરહે અને તેઓ કુશળ વ્ય વસાયકાર તરીકે ઉભરીઆવે તે માટે વડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ "પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના" શરુ થવા જઈ રહી છે. પ્રધાનમંત્રીશ્રીનરેન્દ્રભાઈ મોદીના હસ્તે આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી શરુ થવા જઈ રહેલી પી.એમ. વિશ્વકર્મા યોજના થકી જુદાજુદા ૧૮ ક્ષેત્રમાં કુશળ કારીગરો તૈયાર કરવાના મહાઅભિયાનનો પ્રારંભ થશે. આગામી પાંચ વર્ષમાં દરજી, ધોબી, સુથાર, લુહાર, કડિયા, ક્ષૌરકર્મ સહીત વિવિધ ક્ષેત્રના ૩૦ લાખ જેટલા કારીગરોને પ્રાથમિક તેમજ એડવાન્સ ટ્રેઈનિંગ,ટૂલ કિટ સહાય તેમજ રોજેગાર અર્થે લોન અને માર્કેટિંગ સપોર્ટ પૂરો પાડવા સહિતની આ યોજના કારીગરો માટે રોજગારીના નવા દ્વારા ખોલશે. આ યોજના અંગે એમ.એસ.એમ.ઈ. રાજકોટ સર્કલના અધિકારીશ્રીના જણાવ્યા મુજબ આ યોજના અંતર્ગત કારીગરોને રજીસ્ટ્રેશનકરાવ્યા બાદ તેઓનુંવેરીફીકેશન થશે.અને સ્કીલ મુજબ સૌપ્રથમ બેઝિક ટ્રેનિંગ આપવામાં આવશે. ત્યારબાદ તેઓને રૂ. ૧૫ હજારની ટૂલકિટ સહાય આપવામાં આવશે. બેઝિક ટ્રેનિંગ મેળવ્યા બાદ તેઓને એક લાખનીલોન મળવાપાત્રરહેશે.આ લોનની અવધિ ૧૮ માસ રહેશે. ત્યારબાદ તેઓનેએડવાન્સટ્રેનિંગ પુરીપાડવામાં આવશેજેમાં રોજના તેઓને રૂ. ૨૫૦૦ સ્ટાઈપેન્ડ આપવામાંઆવશે.એડવાન્સ ટ્રેનિંગ બાદ ૩૦મહિનાના સમયગાળાની રૂ. ૨ લાખની લોન વ્યવસાય અર્થે આપવામાં આવશે. બ્રાન્ડિંગ, જેમ પ્લેટફર્મ તેમજ ઈ-કોમર્સ માર્કેટિંગ માટે પ્લેટફોર્મ પુરું પાડવામાં આવશે. આ યોજનામાં સહભાગી થવા પી.એમ. વિશ્વકર્મા પોર્ટલ પર રજીસ્ટ્રેશનકરવાનુંરહેશેરજીસ્ટ્રેશન દ્વારા માહિતીની જુદા-જુદા સ્તરે ખરાઈ કરવામાં આવશે. રાષ્ટ્રીય, રાજ્ય તેમજ જિલ્લાકક્ષાએ કુશળ કારીગરોતૈયાર કરીઆપતીયોજના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય તેમજ નાણા મંત્રાલય ના સહયોગથી સાકાર પામશે. આ યોજના થકી દેશના ૩૦લાખ જેટલા કારીગરો પોતાના ઉત્કર્ષ સાથે વિકાસને નવી ઊંચાઈએ પહોંચાડશે.

આઈ. સી. ડી. એસ. વલસાડના ઘટક-૧ ના ભદેલી જાલાલા સેજામાં રોટરી ક્લબ ઓફ વલસાડ તરફથી ૩૫ સર્ગભા માતાઓને પોષણકીટનું વિતરણ કરાયું

કમલમ્ ન્યુઝ,વલસાડ:
આઈ. સી. ડી. એસ. વલસાડના ઘટક- ૧ માં ભદેલી જાલાલા સેજામાં આવેલ સાત ગામોની પોષણ માસ અંતર્ગત રોટરી કલબ ઓફ વલસાડ દ્વારા એચ. યુ. એમ. એફ. પ્રોજેક્ટ હેઠળ ૩૫ જેટલી સર્ગભા માતાઓ અને ૧૦ જેટલા અતિકુપોષિત બાળકોને પૂરક પોષણ મળી રહે તે માટે પોષણ કીટ અને ખજૂર, દેશી ચણા, દેશી ઘી, દેશી ગોળ, રવો તથા પ્રોટીન પાઉડર, આયર્ન સીરપ, મલ્ટી વિટામીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડિસ્ટ્રીક્ટ ગવર્નર નિહિર દવે, ફર્સ્ટ લેડી શ્રીમતી વૈશાલી દવે, પ્રેસિડન્ટ મનીષ ભરૂચા, સેક્રેટરી જાપાન શાહ, એચ.યુ. એમ. એફ. પ્રોજેક્ટ ચેરમેન શ્રીમતી શૈલજા મુકર્તિ, સ્વામીબેન શાહ, રોટરીયન શ્રીમતી અમી શાહ, ડૉ. દીપીબેન શાહ ઉપરાંત મુખ્ય સેવિકા અને આંગણવાડી કાર્યકરબહેનોહાજર રહયા હતા.

ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા દર વર્ષે "બાલ વિજ્ઞાન પરિષદ" યોજાઈ

કમલમ્ ન્યુઝ,
ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા દર વર્ષે "બાલ વિજ્ઞાન પરિષદ" યોજાઈ છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર જિલ્લા કક્ષાની .૩૧ મી પરિષદ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેકટર -૧૨ ખાતે યોજાઈ. આ કાર્યક્રમમાં મેયરશ્રી હિતેશભાઈ મકવાણા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યુંતેમજ વિજ્ઞાન ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. મેયરશ્રી એ જણાવ્યું હતું કે માન. વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જીના "જય વિજ્ઞાન, જય અનુસંધાન" ના સૂત્ર સાથે વિજ્ઞાનક્ષેત્રે આત્મનિભરતનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, ડૉ. બી.એન.પ્રજાપતિ (જિલ્લા શિક્ષણ અધિકારી), આચાર્યશ્રી ભાવેશકુમાર જાની, ગુજકોસ્ટના અધિકારીશ્રી પાવીત શાહ, કો-ઓર્ડીનેટર નટુભાઈ લાડાણી, નિસર્ગસાયન્સ સેન્ટરના નિયામક શ્રી અનિલભાઈ પટેલ, શિક્ષકો, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને પોષણ માસની ઉજવણીની બેઠક મળી

પોષણ માસની થીમ :- સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશકત ભારત

કમલમ્ ન્યુઝ,વલસાડ:
માન. વડાપ્રધાનશ્રીના સુપોષિત ભારતના સ્વપ્ન સમર્થન આપવા રાજ્ય સરકાર દ્વારા સપ્ટેમ્બર માસને પોષણમાસ તરીકે ઉજવણી કરાઈ રહીછે. આ સંદર્ભે વલસાડ જિલ્લામાં પણ આ પોષણ માસમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લાની આંગણવાડીઓમાં પોષણ અભિયાન અંતર્ગત હાથ ધરાનારા કાર્યક્રમોના આયોજન અંગે જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેના. અધ્યક્ષપદે બેઠક યોજાવામાંઆવી હતી આ બેઠકના અધ્યક્ષસ્થાનેથી જિલ્લા કલેકટરશ્રીએ પોષણ અભિયાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, પોષણ માસ અભિયાન અંતર્ગત સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૬ વર્ષથી ઓછી ઉમરના બાળકોમાં પોષણના પરિણામોને સર્વગાહી રીતે સુધારવાનો પ્રયાસ કરવામાં આવે છે. મિશન સક્ષમઆંગણવાડી અને પોષણ ૨.૦ એક સંકલિત પોષણ સહાય કાર્યક્રમ છે કે જે આંગણ વાડીની સેવાઓ માટે કિશોરીઓ માટેની યોજના અને પોષણ અભિયાનને નિર્દેશિત કરે છે. પોષણ અભિયાનના ઈચ્છિત ધ્યેયો હાંસલ કરવા માટે વ્યક્તિગત સામુદાયિક સ્તરે વર્તન પરિવર્તન એક મહત્વપૂર્ણ ઘટક છે. પોષણ માસની થીમ સુપોષિત ભારત, સાક્ષર ભારત, સશકત ભારત "છે એમજણાવતાંજિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, પોષણ માસ દરમિયાન કુલ સાત થીમ પર ધ્યાન કેન્દ્રિત કરતી પ્રવૃત્તિઓ કરવામાં આવશે. જેમાં ૧. માત્રન માત્ર સ્તનપાન અને પૂરક આહાર ૨. સ્વસ્થ બાળક સ્પર્ધા ૩. પોષણ ભી પઢાઈ ભી ૪. મિશન લાઈફ દ્વારા પોષણ સ્તરમાં સુધારો ૫. મારી માટી મારો દેશ, ૬ આદિવાસી કેન્દ્રિત પોષણ સેન્સિટાઈઝેશન અને ટેસ્ટ, ટ્રીટ અને ટોક – એનિમિયા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવશે. બેઠકમાં ઉપસ્થિત સર્વે અધિકારીઓને પોષણ માસ અંતર્ગત સંબંધિતવિભાગોને રાજ્ય સરકાર તરફથી જે કામગીરી સોંપવામાં આવીછે તેમુજબ તેમણે કામગીરીકરવાની રહેશે.અને આ કામગીરીની ડેટા એન્ટ્રી ભારત સરકારના જનઆંદોલન ડેશબોર્ડ પર એન્ટ્રી કરવામાં આવે અને લાભાર્થીઓ લાભ લે તે સુનિશ્ચિત કરવા માટે જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ ગુરવાની, જિલ્લા પ્રાયોજના વહીવટદારશ્રી અતિરાગ ચપલોત, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીબી. ડી ભારીયા, સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી નીલમબેન પટેલ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

kamalam daily newspaper-29-08-2023

અંકલેશ્વર નગર પાલિકા માં અઢી વર્ષ ની ટર્મ માટે પ્રમુખ ઉપપ્રમુખ નું સર્વાનુમતે વરણી કરાય

પ્રમુખ તરીકે ,લલીતાબેન રાજપુરોહિત ,ઉપપ્રમુખ ભાવેશ કાયસ્થ ,કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલ ની વરણી ને આવકારી

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર નગરપાલિકા માં હવે પછી નીટર્મ માટે ભાજપ દ્વારા પ્રમુખ ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષ ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી પાલિકા ના સભાખંડ ખાતે નાયબ કલેકટર ની અધ્યક્ષતા હેઠળ યોજાયે બેઠક માં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી અંકલેશ્વર નગર પાલિકા માં સૌ પ્રથમવાર રાજસ્થાની મહિલા ની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી ભાજપ શાસિત અંકલેશ્વર નગર પાલિકા માં અઢી વર્ષ ની ટર્મ પુરી થતા આગામી અઢી વર્ષ ની ટર્મ માટે પ્રમુખ ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષ ની વરણી માટે ની તૈયારીઓ પૂર્ણ કરી હતી,ગુરુવાર નારોજ જિલ્લા ભાજપ ના ઉપપ્રમુખ પ્રતિક્ષાબેન પરમાર અને જિલ્લા મહામંત્રી વિનોદભાઈ પટેલ મેન્ડેડ લઈ ને આવ્યા હતા અને નગર પાલિકા સભાખંડ ખાતે અંકલેશ્વર ના નાયબ કલેકટર નતિષાબેન માથુર ની અધ્યક્ષતા હેઠળ પાલિકા ના પ્રમુખ ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષ નીવરણી માટે બેઠક યોજાય હતી આબેઠક માં સત્તાધીશ ભાજપ ના તમામ સભ્યો તેમજ વિરોધ પક્ષ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને નાયબ કલેકટર નતિષાબેન માથુર દ્વારા મેન્ડેડ મુજબ પાલિકા ના પ્રમુખ તરીકે લલીતાબેન રાજપુરોહિત ,ઉપપ્રમુખ તરીકે ભાવેશ કાયસ્થ ,અને કારોબારી અધ્યક્ષ તરીકે નિલેશ પટેલ નું નામ જાહેર કરતા સત્તાધીશ સભ્યો એ સર્વાનુમતે આવકાર્યા હતા અને પ્રમુખ લલીતાબેન ,ઉપપ્રમુખ ભાવેશ કાયસ્થ અને કારોબારી અધ્યક્ષ નિલેશ પટેલ ને શુભેચ્છા પાઠવી હતી ,અંકલેશ્વર નગર પાલિકા માં સૌ પ્રથમ વાર રાજસ્થાની સમાજ ની મહિલા સભ્ય ને પાલિકા ની પ્રમુખ તરીકે વરણી કરવામાંઆવતા રાજસ્થાની સમાજ માં હર્ષ ની લાગણી છવાઈ ગઈ હતી,આ પ્રસંગે નગર પાલિકા ના ચીફ ઓફિસર કેશવ કોલડિયા ,પ્રમુખ વિનય વસાવા ,સહીત પાલિકા ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને નવનિયુક્ત પદાધિકારીઓ ને શુભેચ્છા પાઠવી હતી

અંકલેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ ની સર્વાનુમતે વરણી કરાય

તાલુકા પંચાયત ના પ્રમુખ પદ માટે પુષ્પાબેન પટેલ અને ઉપ પ્રમુખ તરીકે ચીમન વસાવા ની વરણી કરાય

ભાજપ દ્વારા પાટીદાર., આદિવાસી અને ઓબીસી સભ્ય જાહેર કરી તમામ વર્ગ ને પ્રાધાન્ય આપ્યુ

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર તાલુકા પંચાયત ના પ્રમુખ પદ માટે ભાજપ દ્વારા મહિલા પાટીદાર સભ્ય પુષ્પાબેન પટેલ અને ઉપપ્રમુખ તરીકે આદિવાસી સમાજ ના ચીમન વસાવા તમજ . કારોબારી ચેરમેન માં મીનાક્ષી પટેલ ની સર્વાનુમતે વરણી કરવામાં આવીહતી ભાજપ દ્વારા પાટીદાર., આદિવાસી અને ઓબીસી સભ્ય જાહેર કરી તમામવર્ગ ને પ્રાધાન્ય આપ્યુ છે. ભાજપ શાસીત અંકલેશ્વર તાલુકા પંચાયત ના આગામી અઢી વર્ષ ના ના પ્રમુખ અને ઉપ પ્રમુખ ની ચૂંટણી માં આગામી લોકસભા ની ઝલક જોવા મળી હતી.ભાજપ દ્વારા પાટીદાર.,આદિવાસી અને ઓ.બી.સી સભ્ય ને જાહેર કરી તમામ વર્ગ ને પ્રાધાન્ય આપી રાજકીય સોગઠી ગોઢવી હતી.અંકલેશ્વર તાલુકા પંચાયત ખાતે ભરૂચ જિલ્લા ભાજપ સંગઠન મંથીમાજી ધારાસભ્ય છત્રસિંહ મોટીપ્રમુખ ,ઉપપ્રમુખ અને કારોબારીચેરમેન નામેન્ડેડ લઈને આવ્યા હતા અને ગુરુવાર ના રોજ તાલુકા પંચાયત ના સભાખંડ ખાતે નાયબ જિલ્લાવિકાસ અધિકારી એ.બી.ડાંગી ની અધ્યક્ષતા હેઠળ બેઠક યોજાય હતી આ બેઠક માં શાસક પક્ષ ભાજપ ના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને મેન્ડેડ ના આધારે પ્રમુખ તરીકે અંદાડા તાલુકા પંચાયત બેઠક પરથી વિજેતા બનેલા પાટીદાર મહિલા સભ્ય પુષ્પાબેન પટેલ ને પ્રમુખ તરીકે જાહેર કર્યા હતાતેમજ ઉપ પ્રમુખ તરીકે કોસમડી તાલુકા પંચાયત બેઠક ના ચીમન વસાવા તેમજ કારોબારી ચેરમેન તરીકે ભડકોદ્રા બેઠક ના તાલુકા પંચાયત ના સભ્ય મીનાક્ષીબેન પટેલ ની જાહેરાત કરવામાં આવતા તમામ સભ્યો એ આ વરણી સર્વાનુમતે આવકારી હતી અને નવનિયુક્ત પ્રમુખ પુષ્પાબેન પટેલ ઉપપ્રમુખ ચીમન વસાવા અને મીનાક્ષીબેન પટેલ ને શુભેચ્છા પાઠવી હતી આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી મયુરીબેન ગાઈન ,તાલુકા પંચાયત ના પ્રમુખ અરવિંદ પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ ગ્રનિતેન્દ્ર સિંહ દેવધાર સહીત ના આગેવાનો અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા

સમગ્ર ગુજરાતના ૭૩ સ્થળો પર, ૭૩૦૦૦ યોગ સાધકો સાથે ૭૩૦૦૦૦ સૂર્યનમસ્કાર કાર્યક્રમ

કમલમ્ ન્યુઝ,

આપણા દેશના લોકલાડીલા વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૩ માં જન્મ દિવસ નિમિત્તે તા. ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સમગ્ર ગુજરાતના ૭૩ સ્થળો પર, ૭૩૦૦૦ યોગ સાધકો સાથે ૭૩૦૦૦૦સૂર્યનમસ્કાર કાર્યક્રમ આપણા દેશના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અથાગપ્રયત્નોથી આપણી ભારતીય સંસ્કૃતિની દેન " યોગ " ને વિશ્વ ફલક સુધી પહોંચાડી ૨૧ મી જુન ને "આંતર રાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે માન્યતા અપાવેલછે. સમગ્ર વિશ્વએ સ્વીકાર્યું છે કે યોગ થકી શારીરિક અનેમાનસિક સ્વાસ્થ્યની સાથે સાથે એક સારા સમાજનું નિર્માણ થાયછે. યોગના આ કાર્યને આગળ વધારવા માટે ગુજરાત સરકાર દ્વારા યોગને પ્રોત્સાહન આપવા અને યોગનો પ્રચાર - પ્રસાર થાય તથા જન જન સુધી યોગ પહોંચેઅને લોકો યોગમાં રસ લઈ શારીરિક અને માનસિક રીતે મજબુત બની નિરોગી રહે તવા શુભ આશય થી સમગ્ર દેશમાં સંપ્રદાય નિર્ણય લઈ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી. ભારતના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી પોતાના સ્વાસ્થ્યને લઈનેખૂબ જજાગૃતછે. માન. વડાપ્રધાનશ્રી દરરોજ નિયમિત યોગકરે છે.માન. નરેન્દ્ર મોદીના વકતવ્યમાં હંમેશા તેઓ યોગનાં મહત્વ અને ફાયદા પર ભાર મુકતાજોવા મળ્યાછે. માન. નરેન્દ્ર મોદી વિશેના ઘણા અહેવાલોમાં તેઓપોતાના રોજિંદા કામકાજમાંથી યોગ માટે સમય ફાળવતા હોવાનું જાણવા મળ્યું છે. યોગ ક્ષેત્રમાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદીનોઅમુલ્ય ફાળોરહેલ છે, જેમા માટે ગુજરાતરાજ્ય યોગ બોર્ડ દ્વારા આપણા દેશના વડાપ્રધાન, આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રણેતા, વિશ્વનેતા, માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૩માં જન્મ દિવસ નિમિત્તે તા.૧૬ અને ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ સમગ્ર ગુજરાતમાં ૭૩ સ્થળો પર, ૭૩૦૦૦ યોગ સાધકો સાથે ૭૩૦૦૦૦ સુર્યનમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ તા. ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરનારોજ સવારે ૬-૦૦ કલાક થી ૮-૦૦ કલાક સુધી દરક જિલ્લામાં / મહાનગરપાલિકા ખાતે યોજાનાર છે. જેમા ઉપસ્થિત રહેવા આપ સર્વને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તરફથી હાર્દિક આમંત્રણ છે.

૩જી ઓપન ઉઝબેકિસ્તાન ઇન્ટરનેશનલ કિકબોકિસંગ ચેમ્પિયનશિપ ૨૦૨૩ માં વડોદરાના કિકબોક્સર્સ ભારતનું પ્રતિનિધિત્વ કરશે

આ ઈન્ટરનેશનલ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા માટે ભારતીય ટીમમાં માત્ર ગુજરાતના જ ખેલાડીઓ છે

તાજેતરમાં રાંચીમાં આયોજિત નેશનલ કિકબોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૩ માં તેમની શ્રેષ્ઠ રમત બતાવી

કમલમ્ ન્યુઝ,

વડોદરાના કિકબોક્સર, પાવની દયાલ અને આર્યન ઠાકોર ૧૩ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન ૩ જી ઓપન ઉઝબેકિસ્તાન ઇન્ટરનેશનલ કિકબોકિસંગ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ ઈન્ટરનેશનલ ચેમ્પિયનશિપમાં ભાગલેનાર ભારતીય ટીમમાં ત્ર્ણો એકમાત્ર ગુજરાતના ખેલાડી છે. બંને ખેલાડીઓએતાજેતરમાં રાંચી ખાતે યોજાયેલી નેશનલ કિકબોકિસંગ ચેમ્પિયનશિપ ૨૦૨૩ માં તેમની શ્રેષ્ઠ રમત દર્શાવી હતીઅને આસ્પર્ધામાં પણ તે જ પુનરાવર્તન કરવા માટે આશાવાદી છે. ૩ જી ઓપન ઉઝબેકિસ્તાન ઓપન ઈન્ટરનેશનલ કિકબોકિસંગ ચેમ્પિયનશિપ તાશ્કંદ, ઉઝબેકિસ્તાન ખાતે ૧૩ મી સપ્ટેમ્બર થી ૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન યોજાવા જઈ રહી છે. આ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં છ અધિકારીઓ સાથે ૧૯ ખેલાડીઓની ટીમ ભાગ લઈ રહી છે. બરોડાના બે ખેલાડીઓ આર્યન ઠાકોર અને પવની દયાલ આ ટીમનોભાગ છે જે શહેર માટે ગર્વની ક્ષણ છે. આર્યન માટે આ પ્રથમ અને પાવની દયાલ માટે બીજી આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ છે. રાંચી ખાતે તાજેતરમાં યોજાયેલી નેશનલ કિકબોકિસંગ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં સિદ્ધિ બાદ આ ખેલાડીઓ તેમના શ્રેષ્ઠ ફોર્મમાં છે. આર્યન ઠાકોરે ૩ ગોલ્ડ મેડલ જીત્યા હતા અને પવની દયાલે આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યોહતો. હવેઆ બંને ને આ જ વાતનું પુનરાવર્તન કરવાનો વિશ્વાસ છે. ૩ જી ઓપન ઉઝબેકિસ્તાન ઈન્ટરનેશનલ કિકબોકિસંગ ચેમ્પિયનશિપ. આર્યન યુવા કેંટ્સ - ૩૨ કિગ્રા - ૩૭ કિગ્રા અને પાવની દયાલ જૂની કેંટ્સ - ૪૭ કિગ્રા અને - ૫૦ કિગ્રામાં રમશે. આર્યન માટેઆ પ્રથમઅને પાવની દયાલ માટે બીજી આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટછે. તાજેતરમાંતેણે તુર્કીમાં ઓપન ટર્કિશ વાકો વર્લ્ડ કપ ૨૦૨૩ માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. પાવની આ ટુર્નામેન્ટમાં તેના ફાયદા માટે આંતરરાષ્ટ્રીય એક્સપોઝરનો ઉપયોગકરશે અને રાંચીમાં ટ્રિપલ ગોલ્ડ જીતનાર આર્યન અહીંપણ તેની શ્રેષ્ઠ રમત ચાલુ રાખશે." ભારતના કોચ સિદ્ધાર્થભાવેઘરેએ જણાવ્યુ હતુ.

ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ/ઉપ પ્રમુખશ્રીની પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ

કમલમ્ ન્યુઝ,આહવા

ડાંગ જિલ્લા સેવા સદન-આહવા ખાતે કલેકટર શ્રી મહેશભાઈ પટેલ, અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એ.ડામોરની અધ્યક્ષતામાં તમામ તમામ ૧૮ સભ્યોની ઉપસ્થિત વચ્ચે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. હરીફ ઉમેદવાર તરીકે બે ઉમેદવારી પત્રો ચૂંટણી તંત્ર પાસે રજૂ થયા હતા.(૧) શ્રીમતી નિર્મળાબેન સુભાષભાઈ ગાઈન, અને (૨) નીલમબેન દિલીપભાઈ ચૌધરી. જે પૈકી શ્રીમતી નિર્મળાબેન ગાઈનને ૧૮ સદસ્યો પૈકી ૧૭ મતો મળવા પામ્યા હતા. જ્યારે ઉપપ્રમુખ તરીકે બિનહરીફ ઉમેદવાર શ્રી ભરતભાઈ ભાયેનીવરણી થવાપામી છે.

જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષસ્થાને GEMERS મેડીકલ કોલેજ ખાતે આયુષ્યમાન ભવ: કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,નવસારી

આયુષ્યમાન ભવ: અભિયાનના લોંચિંગ કાર્યક્રમ અંતર્ગત ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્રોપદી મુર્મુના વરદ હસ્તે આયુષ્યમાન ભવ: કેમ્પેઈનનુ ઈ- લોન્ચીંગ સમગ્ર ભારતભરમાં કરવામાં આવ્યુ હતું. જે અંતર્ગતનવસારી જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષસ્થાને ઈ.સ્ઈ.ઈ.જી કોલેજ આટ-નવસારી ખાતે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તા.૧૭ મી સપ્ટેમ્બર-૨૦૨૩ થી આયુષ્યમાનભવ: અભિયાન શરૂ થઈ રહયો છે. તમામ યોજનાઓની માહિતી,તેમજ મળવાપાત્ર લાભો લાભાર્થી સુધીપહોંચેઅને એકપણ લાભાર્થી લાભાર્થી વંચિતરહી ન જાય તેમાટે આયુષ્યમાનભવ: કાર્યક્રમ હેઠળ આયુષ્યમાન આપકે દ્વારા ૩.૦,આયુષ્યમાન મેળાતથાઆયુષ્યમાન સભા એમમુખ્ય ત્રણ ઘટકો છે.

૧) આયુષ્યમાન આપકે દ્વારા **3.0 –**

PM-JAY યોજના હેઠળ લાયક લાભાર્થીઓને આયુષ્ય માન કાર્ડના વિતરણ માટે ૧૭ મી સપ્ટેમ્બર થી ઝુંબેશ સ્વરૂપે કાર્યવાહી કરી એકપણ લાભાર્થી બાકી ન રહે તે માટે તેની ખાતરી કરવામા આવશે

૨) આયુષ્યમાન મેળો –

અ) હેલથ અન્ડ વેલનેશ સેન્ટર ખાતે આરોગ્ય મેળા ૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૩ થી આયુષ્યમાન ભારત હેલથ એન્ડવેલનેશ સેન્ટરનાસ્તરે સામાહિક આરોગ્ય મેળાયોજાશે. જેમાં મુખ્યત્વ આરોગ્યસંભાળના શ્રેષ્ઠઉપાયોગ અને જનજાગૃતિ ફેલાકરવા પર ધ્યાન કેંન્દ્રિત કરવામાંઆવશે.

બ) સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબીકેમ્પ-ઓપ્ટેટિકસ અને સ્ત્રીરોગ , બાળરોગસર્જરી ઈએનટીઆંખ અને મનોરોગ વિગેરે માં નિષ્ણાંતો દ્વારા સેવાઓ સુનિશ્ચિત કરવા માટે મેડીકલ કોલેજ દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબી કેમ્પોનુ આયોજન કરવામાંઆવશે.

આરોગ્ય મેળાના મુખ્ય ઉદેશો

- સ્ક્રિનિંગ દ્વારા પારંભિક નિદાન, આવશ્યક દવાઓની ઉપલબ્ધિ અને લેબારેટરી સેવાઓ દ્વારા વ્યાપક પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓ આરોગ્ય નિષ્ણાંતો સાથે ટેલી - કન્સલ્ટેશનઅને યોગ્ય રેફરલ, સીમાંત જુથો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને સતત આરોગ્ય સેવાઓ પુરી પાડવી.
- સેવાઓનો વ્યાપ વધારવો.
- **ABHA (Mök MÜk ID)** બનાવવા અને પાત્રતા ધરાવતા નાગરિકો માટે **PM-JAY** હેઠળ આયુષ્યમાન ભારતકાર્ડબનાવવા.
- હોયપરટેન્શન,ડ્રાયબીટીશ, કેન્સર, મોતિયા,ક્ષય રોગ ,હિપેટાઈટીશ બી, સિકલસેલ વગેરે જેવા રોગો માટે સમુદાય આધારીત સ્ક્રીનીંગ
- **PM-JAY** હેઠળ સારવાર મેળવેલ લાભાર્થીઓનુ ફોલોઅપ કરવુ. **AB-HWC** ખાતેઆરોગ્યમેળામાં આપવામા આવનાર સેવાઓ
- **ABHA** (હેલ્થઆઈડી)અને આયુષ્યમાન ભારતકાર્ડ બનાવવા
- **NCD** સ્ક્રીનીંગ(ડાયાબીટીશ, હાયરપટેન્શન, કેન્સર, ઓરલ સર્વીકલઅને બ્રેસ્ટ)
- ક્ષયરોગ ,રકતપિત અને હીપેટાઈટીશબી સ્ક્રીનીંગ
- માતા અને બાળ આરોગ્ય અને પોષણ સેવાઓ.
- માનસિક આરોગ્ય સંભાળ, કાઉન્સેલીંગ, હોમબેઝ કેર માટે કેરગીવર તાલીમ
- વૃધ્ધ સંભાળ કલીનીક -વૃધ્ધોની વ્યાપક આરોગ્ય તપાસણી, ફિઝીયોથેરાપી સેવાઓ
- મફત દવાઓ અને નિદાન સેવાઓ.
- વેલનેશ-જીવનશૈલી કાઉન્સેલીગ

૩) આયુષ્માન સભા

૨ જી ઓકટોબર ૨૦૨૩ ના રોજ ગ્રામ વિસ્તારો માટે ગ્રામ્યસ્તરની સભા (ગ્રામસભા) અને વિવિધ આરોગ્ય સંભાળ વિશે જાગૃતિ વધારવા માટે ગ્રામ્ય આરોગ્ય, સ્વચ્છતાઅને પોષણ સમિતિ (VHSNC)/શહેરી સ્થાનિક સંસ્થાની આગેવાની હેઠળ શૂહેરી વિસ્તારોમાં આયુષ્યમાન સભા યોજાશે. જેમાં આયુષ્યમાન સભા થકી ગ્રામય કક્ષાએ ગ્રામ્ય આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ સમિતિ (VHSNC) મીટીંગ દ્વારા પ્રચાર-પ્રસાર કરી પી.એમ.જે.એ.વાય.કાર્ડની ઉપયોગીતા અને વિતરણ ,આભા કાર્ડ બનાવવા. આયુષ્યમાન ભારત હેલથ એન્ડ વેલનેશ સેન્ટર દ્વારા બિન ચેપી રોગો, સિકલસેલ રોગોનુ સ્ક્રીનીંગ તથા ચેપી રોગો અને ક્ષય રોગનુ નિમુલન વિગેરે જેવા રોગો, પ્રજનન અને બાળ આરોગ્ય ને લગતા પ્રશ્નો, રસીકરણ, પોષણ, એનીમીયા વિગેરે સમુદાયમાં જાગૃતિ ફેલાય તે પ્રકારની કામગીરી સુદૃઢ કરવીતેમજ સમુદાયને અનુરૂપ આરોગ્ય વાતાવરણ ઉભુ થાય તે સુનિશ્ચત કરવાના પ્રયત્નોહાથ ધરવામાં આવશે.

આયુષ્માન ગ્રામ/વોર્ડ-

ઉપરોકત તમામ ઘટકોનુ સફળ અમલીકરણ જેવાકે ૧૦૦% આયુષ્યમાન કાર્ડનુ વિતરણ અને આભા આઈડી નુ નિર્માણ, હાઈપરટેન્સન અને ડ્રાયબીટીશ માટે સ્ક્રીનીંગતપાસ ટીબીના દર્દીઓની ઓળખ અને સારવાર, સિકલસેલ રોગની તપાસ અને કાર્ડ વિતરણ કરનાર ગ્રામ પંચાયતને "આયુષ્માન ગ્રામ પંચાયત અથવા આયુષ્માનઅર્બન વોર્ડ"નોદરજો એનાયત થશે. આયુષ્માનભવ ઝુંબેશ હેઠળ ઉપરોકત તમામ પ્રવૃત્તિઓ ૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૩ થી સુચિત સુચિત "સેવા પખવાડા" (૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૩ થી ૨ જી ઓકટોબર, ૨૦૨૩ દરમિયાન શરૂ થશે અને આગળ પણ ચાલુ રહે શે આ તમામ પ્રવૃતિઓ ઉપરાંત,

૧૭ મી સપ્ટેમ્બર ૨૦૨૩ થી ૨ જી ઓકટોબર ૨૦૨૩ દરમ્યાન ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં તમામ તમામ જાહેર આરોગ્ય સંસ્થાઓ (સબ હેલ્થ સેન્ટર - હેલ્થ વેલનેશ સેન્ટર પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર.- હેલ્થ વેલનેશ સેન્ટર, શ્રહેરી પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર.-હેલ્થ વેલનેશ સેન્ટર, સામુહિક આરોગ્ય કેન્દ્ર ,પેટા જિલ્લા હોસ્પીટલ, જીલ્લા હોસ્પીટલ અને અને મેડિકલ કોલેજ પર સ્વચ્છતા અભિયાન, ઓર્ગેન ડોનશન પ્લેજ ડ્રાઈવ, રકતદાન શિબીર નુ આયોજન કરવામાં આવશે. નવસારી જીલ્લામાં ૨૫૧ સબહેલ્થ સેન્ટર - હેલ્થ વેલનેશ સેન્ટર, ૪૫- પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર હેલ્થ વેલનેશ સેન્ટર, ૫- શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેલ્થ વેલનેશ સેન્ટર, ૧૦- અર્બન હેલ્થ વેલનેશ સ્નેટર અને ૧૦-આયુર્વેદિક હેલ્થવેલનશ સેન્ટર આમ મળી કુલ ૩૨૧ હેલ્થવેલનેશ સેન્ટર ખાતે સામાહિક આરોગ્ય મેળાઓ યોજાશે. તેમજ ૧૧-સામુહિક આરોગ્ય કેન્દ્રો ,૦૩-પેટા જિલ્લાહોસ્પીટલ ખાતેતબીબ કેમ્પનુ આયોજન કરવામાંઆવ્યું છે જેમાં તબીબી કેમ્પ-ઓપ્ટેટિક અને સ્ત્રીરોગ, બાળરોગ સૂર્જરી ઈએનટી આંખ અને મનોરોગ વિગેરેમાં નિષ્ણાંતો દ્વારા સેવાઓ સુનિશ્ચિત કરવામાંઆવ્યાં છે.

આ પ્રસંગે રાષ્ટ્રીય ક્ષય નિર્મુલન કાર્યક્રમ અંતર્ગતજીલ્લામાં નિક્ષય મિત્રદ્વારા ટીબીના દર્દીને આપેલ પોષણ કીટના દાતાશ્રીઓનુ સન્માન કરવામાં આવ્યુ. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોરાજેન્દ્રકુમાર રંગુનવાલા,ડીનશ્રી મેડીકલ કોલેજ નવસારી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા આર.સી.એચ.અધિકારી, જિલ્લા ક્ષય અધિકારી, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી, ક્વાલીટી અસ્યોર-સ્સ મેડકીલ ઓફીસર, જિલ્લા મેલરિયા અધિકારી અને તાલુકા હેલ્થ ઓફીસરશ્રી જ લાલપોર અને મેડીકલ કોલેજના અધ્યાપકો, મેડીકલ સ્ટુડન્ટ, સરપંચશ્રી ગ્રામજનો ઉપસ્થિતરહયા હતા.

GMERS મેડિકલ કોલેજ સોલા, અમદાવાદ ખાતે જિલ્લાકક્ષાનો આયુષ્યમાન ભવ: કાર્યક્રમ યોજાયો

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ દ્વારા આયુષ્યમાન ભવ: કાર્યક્રમનું ઈ- લોન્ચીંગ કરવામાં આવ્યું અને આરોગ્યલક્ષી સેવાઓ ગામમાં છેવાડાનાં માનવી સુધી મળી રહે તે સુનિશ્ચિત કરવા જણાવ્યુ

કમલમ્ ન્યુઝ,વિરમગામ

ડી.કે.પ્રક્રિયા, કલેકટર અને એમ.કે.દવે, જિલ્લા વિકાસ અધિકારી અમદાવાદનાં માર્ગદર્શન મુજબ અમદાવાદ જિલ્લાના GMERS મેડિકલ કોલેજસોલા ખાતેજિલ્લાલેવલના આયુષ્યમાન ભવઃ કાર્યક્રમનુંઆયોજન કરવામા આવ્યું હતું. જેમાંડીન GMERS મેડિકલ કોલેજ સોલા, ડૉ.બીનાબેન વડાલીયા, વિભાગીય નાયબ નિયામક અમદાવાદ, તબીબી અધિક્ષક GMERS મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સોલા, ડૉ. શૈલેષ પરમાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, અમદાવાદ, ડૉ.પિયુષ પટેલ,અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ આરોગ્ય કર્મચારીઓ, નિક્ષયમિત્રો હાજર રહ્યાહતાં. ભારતદેશનાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ દ્વારા આયુષ્યમાન ભવઃ કાર્યક્રમનું ઈ- લોન્ચીંગ કરવામાંઆવ્યું હતું. જેમા તેઓએ આરોગ્ય લક્ષી સેવાઓ ગામનાં છેવાડાનાં માનવી સુધી મળી રહે તે સુનિશ્ચિત કરવા જણાવ્યુ હતું. કાર્યક્રમની શરૂઆતમા ડૉ.શૈલેષ પરમાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીદ્વારાઆયુષ્યમાન ભવઃ યોજનાં વિશે વિસ્તૃત માહિતી આપ્યા જણાવ્યું કે પીએમજેએવાય યોજના હેઠળલાયક લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડનાં વિતરણ તા.૧૭ સપ્ટેમ્બર થી૨૦૨૩ થી ૨ ઓકટોબર ૨૦૨૩ સુધી ઝુંબેશ સ્વરૂપે કાર્યવાહી કરી એક પણ લાયક લાભાર્થી બાકી ન રહે તેની ખાતરી કરવા જણાવ્યુ. વધુમાં તમને જણાવ્યુ કે સામુહિક આરોગ્ય કેન્દ્ર અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો ખાતે દર અઠવાડીયે તબીબી કેમ્પોનું આયોજન કરવામાંઆવશે અને ૨ જી ઓકટોબર ૨૦૨૩ નાં રોજ અમદાવાદ જિલ્લાનાં તમામ ગામોમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવશે. તા.૧૭ સપ્ટેબર થી ૨૦૨૩ થી ૨ ઓકટોબર ૨૦૨૩ સુધી "સેવા પખવાડા " તરીકેઉજવણી કરવામાંઆવશે જે અંતર્ગત તમામ હેલ્થ કર્મચારી ખાત સ્વચ્છતા અભિયાન, બલ્ડ ડોનેશન કેમ્પ, ઓર્ગન ડોનેશન કેમ્પ હાથ ધરવામાંઆવશે. પ્રધાનમંત્રીટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ટીબીનાં દર્દીઓને ન્યુટ્રીશન કીટ આપીને તેઓના આરોગ્યની સંભાળ લેનાર તેવા નિક્ષયમિત્રોને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ અંગદાન એ મહાનદાન છે જે અંતર્ગત ઉપસ્થિત તમામનુ અંગદાનનાં મહત્વવિશે જાણકારી આપીને અંગદાનની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. પીએમજેએવાયનાં લાભાર્થી દ્વારા તેઓની સફળગાથા લોકો સમક્ષ રજુ કરવામાંઆવી હતી.

kamalam daily newspaper-29-08-2023

મોરબી જિલ્લામાં આયુષ્માન ભવ: અભિયાનનો પ્રારંભ

'આયુષ્માન ભવ:' અભિયાન હેઠળ તા.૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાશે

કમલમ્ ન્યુઝ,મોરબી

આરોગ્ય સેવાઓજન જન સુધી પહોંચે તે હેતુથી તા.૧૩ સપ્ટેમ્બરના રોજરાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા 'આયુષ્માન ભવ' અભિયાનનો રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનો શુભારંભ કરાવામાં આવ્યો છે. આરાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ અંતર્ગત મોરબી જિલ્લા કક્ષાનો આયુષ્માન ભવ: શુભારંભ કાર્યક્રમ સ્ઝઈઈજી મેડીકલ કોલેજ મોરબી ખાતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટરશ્રીએન.કે.મુછાર, મેડીકલ કોલેજ ર્ઝઈઈજીમોરબીના ડીન્શ્રી, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મોરબી સિવિલ હોસ્પિટલ અધિક્ષકશ્રી, અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા ક્ષય અધિકારીશ્રી, જીલ્લા ઈઝઝૅ અધિકારીશ્રી, એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રી તથા આરોગ્યના તમામ કર્મચારી, નિક્ષય મિત્રોહાજર રહ્યાહતા. આ કાર્યક્રમમાંનિક્ષય મિત્રોદ્વારા ટીબી નિર્મુલન કાર્યક્રમઅંતર્ગતટીબીના દર્દીઓને પોષણ કીટ આપવામાં આવીહતી. આસેવાદીય પ્રવૃત્તિઓ માટે કુલ ૧૨ નિક્ષય મિત્રોને પ્રમાણપત્રો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 'આયુષ્યમાન ભવ: અભિયાન' ની યોજના બનાવી છે. જે અંતર્ગત મુખ્ય ત્રણ ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં 'આયુષ્માન ભવ: આપકે દ્વારા ૩.૦' માં ૧૭ સપ્ટેમ્બરથી દરેક લાભાર્થીને આયુષ્યમાન કાર્ડનું વિતરણ ઝુંબેશનાં રૂપમાં કરવામાં આવશે. 'આયુષ્માન ભવ: મેળા'માં ૧૭સપ્ટેમ્બર થીદરેક હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર,પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેસાપ્તાહિક આરોગ્યમેળો કરવામાં આવશે. તેમજ સામુહિક આરોગ્યકેન્દ્ર ખાતે સ્ત્રીરોગ, બાળ રોગ, સર્જરી ઈદ્ર, આંખ અને માનસિક રોગનાનિષ્ણાંત ડાકટરો દ્વારા, મેડીકલ કોલેજ દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડીકલ કેમ્પનુંઆયોજન કરવામાં આવશે. 'આયુષ્માન ભવ: સભા'માં ૨ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામસભામાં ગ્રામ્ય આરોગ્યસમિતિની મીટીંગ દ્વારા **PMJ AY** કાર્ડ અને વિતરણ આભા કાર્ડની ઉપયોગીતા તેમજ બિનચેપીરોગ, પ્રજન નઅને બાળ આરોગ્યને લગતાપ્રશ્નસીકરણ, પોષણ, એનીમિયા વગેરે અંગે સમુદાયમાં જાગૃતિ ફેલાય તે પ્રકારની કામગીરી કરવામાં આવશે. આ ઉપરાંત તા.૧૭ સપ્ટેમ્બર થી ૨ ઓક્ટોબર દરમ્યાન દરેક્તિલ્લાસ્તરમાં સ્વચ્છતા અભિયાન, ઓગેન ડોનેશન પ્લેજ ડ્રાઈવ, રકતદાન શિબિર વગેરે જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવશે. તેમ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીની જીલ્લા પંચાયત મોરબીની યાદીમાંજણાવાયું છે.

સાપુતારાની હોટેલ રેસ્ટોરન્ટમાં ખાદ્ય પદાર્થોની ચકાસણી હાથ ધરાઈ

અખાદ્ય શાકભાજી, છાશ અને ગ્રેવીનો નાશ કરાયો

કમલમ્ ન્યુઝ,આહવા

ડાંગકલેકટર શ્રીમહેશ પટેલ તથા ગુજરાતવિધાનસભાના નાયબ દંડક-વ-ડાંગના ધરાસભ્ય શ્રી જિજયભાઈપટેલની સૂચના અને માર્ગદર્શન અનુસાર ગિરિમથક સાપુતારાની હોટલો તથા રેસ્ટોરન્ટમાંપીરસાતા ખાદ્ય પદાર્થોની આકસ્મિક ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ઈન્ચાર્જ ચીફ ઓફિસર શ્રી મહુલ ભરવાડ તરફથી મળેલી વિગતો અનુસાર સાપુતારા સ્થિત હોટેલ સુગર એન્ડ સ્પાઈસ, પ્રાંગ, પુરોહિત, સ્ટાર હોલી કે હોમ સહિત સાઈ બજાર સ્થિત વેજ, નોનવેજ ભોજન પીરસતા તમામ ઢાબા રેસ્ટોરન્ટ ઉપર, જાહેરજનતાના સ્વસ્થ્યનેધ્યાને રાખી ગ્રાહકોને પીરસાતા ભોજન અનેનાસ્તાની સઘનચકાસણી હાથ ધરવામાં આવીહતી. ખોરાક અને ઔષધ નિયમનતંત્રના ફુડઈન્સપેકટર શ્રીચેતન પરમાર, અને શ્રી કે.જે. પટેલને સાથે રાખી, લોકોના આરોગ્ય માટે હાનીકારક અખાદ્ય શાકભાજી, છાસ, સજ્જીનીતૈયાર ગ્રેવીવિગેરેનો સ્થળ ઉપર જ નાશ કરી સંચાલકો સામે કાયદેસરનીકાર્યવાહી હાથ ધરી હતી. પ્રજાના આરોગ્ય સાથે ચેડા કર તા હોટેલ, રેસ્ટોરન્ટ સામે આગામી દિવસોમાં કડક કાર્યવાહીના શ્રીભરવાડે એંધાણ આપ્યા છે.

ગુણસવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષમાન ભવ: કાર્યક્રમ લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યો

કમલમ્ન્યુઝ,મયુર પટેલ

મહુવા તાલુકા ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગુણસવેલ ખાતે ભારત સરકાર અને ગુજરાત સરકારકારના આરોગ્ય વિભાગ દ્વારા આયુષમાન ભવ: કાર્યક્રમનું ભારત ના માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુદ્વારા લોન્ચિંગ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળવા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગામના સરપંચ મુકેશભાઈ રાઠોડ, ગામના આગેવાનુ, અરવિંદભાઈ પટેલ, દેવાભાઈ આહીર, ઉત્તમભાઈ આહીર, હિમાંશુ ભાઈ પટેલ , ગ્રામજનો તથા આરોગ્ય સ્ટાફ હાજર રહ્યાહતા.આ કર્યક્રમુનીમાં પ્રા.આ.કેન્દ્ર. ગુણસવેલના મેડિકલ ઓફીસર ડો. ભાવેશભાઈ ચૌધરી દ્વારા આયુષમાન ભવ: કાર્યક્રમની વિગતવાર જાણ કારી આપવામાં આવીહતી, તેમજ ઓર્ગન ડોનેશન માટેની સપથ લેવામાં આવી હતી આ કાર્યક્રમ ના અંતે પ્રા.આ. કેન્દ્ર ગુણસવેલ ખાતે સરપંચ શ્રી અને ગામના આગેવાનો દ્વારા આયુષ્માન કાર્ડ નું વિતરણ કરી આભારવિધી કરી કાર્યક્રમ સફળ બનાવ્યોહતો.

ડાંગ કલેકટરશ્રીએ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,આહવા

ડાંગજિલ્લાના મુખ્ય વહિવટી મથક આહવા ખાતે કાર્યરત સિવિલ હોસ્પિટલની કલેકટર શ્રી મહેશ પટેલે જાત મુલાકાત લીધીહતી. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હિમાંશુ ગામીત, **RC HO** શ્રી ડો. સંજય શાહ, સિવિલ સર્જન શ્રી ડો. અકિતરોઠાડ સહિતના તબીબીઅધિકારીઓ સાથે કલેકટર શ્રી મહેશ પટેલે સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોની આકસ્મિક મુલાકાતલઈ, સિવિલસત્તાવાળાઓને જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યુ હતું. જૂદા જૂદા વોર્ડ સહિત કલેકટરશ્રીએ સિવિલ કેમ્પસની પણ જાત તપાસકરી હતી.

ભુજ જી.કે.જનરલ હોસ્પિટલ ખાતે આયુષ્માન ભવ: અંતર્ગત કાર્યક્રમ યોજાયો

લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયું

તા.૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી સેવા પખવાડિયામાં 'આયુષ્માન આપ કે દ્વાર', 'આયુષ્માન આરોગ્ય મેળો' અને 'આયુષ્માન સભા' ના કાર્યક્રમો યોજાશે.

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુના આયુષ્યમાન ભવ: અભિયાનના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમના શુભારંભનું જીવંત પ્રસારણ નિહાળતા અગ્રણીઓ અને અધિકારીઓ

કમલમ્ ન્યુઝ,ભુજ

દેશના છેવાડાના લોકો સુધી આરોગ્યની સેવા પહોંચાડવા આજે ગાંધીનગર ખાતેથી ભારતનારાષ્ટ્રપતિ શ્રીમતિદ્રૌપદી મુર્મુએ આયુષ્માન ભવ: અભિયાનનારાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. આ આયુષ્માન ભવ: કાર્યક્રમ અંતર્ગત જી.કે.જનરલ હોસ્પિટલ ખાતે મહાનુભાવોએ ઉપસ્થિતિ રહી જીવંત પ્રસારણ નિહાળ્યું હતું અને લાભાર્થીઓને આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ "આયુષ્માન ભવ: "અભિયાન હેઠળદશભરમાં તા.૧૭સપ્ટેમ્બરથી ૨જી ઓક્ટોબર દરમિયાન સેવા પખવાડિયામાં 'આયુષ્માન આપ કે દ્વાર', 'આયુષ્માન આરોગ્ય મેળો'અને 'આયુષ્માનસભા' ના કાર્યક્રમો યોજાશે, આતર્ક જિલ્લાપંચાયત પ્રમુખ શ્રીમતી પારૂલબેન કારા એ જણાવ્યું હતું કે, લોકોના આરોગ્યની જાળવણી સરકાર કરી રહી છે. આરોગ્યલક્ષી કાર્યક્રમો થકી આયુષ્માન કાર્ડ આપવામાં આવશે. જે લોકો પાસે કાર્ડ ન હોય તેમનો સંપર્ક કરી કાર્ડ આપવામાં આવશે. આજે લોકોની બિમારીનીચિંતા સરકાર ફ્રી રહીછે અનેઆરોગ્ય ક્વચતરીકે આયુષ્માન કાર્ડઆપવામાં આવેછે. જિલ્લાપંચાયત કારોબારીસમિતિના ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ ગઢવીએપ્રાસંગિકપ્રવચન કર્યુ હતું. આ કાર્યનીશ્રેષ્ઠ કામગીરી કરનારા અંજાર તાલુકાના ત્રણ સબ સેન્ટરો (કોટડા, આંબાપર, મથડા) ના કર્મચારીઓ અને અનકવાસમાં આવેલપ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુખપર અને ગોરેવલીના કર્મચારીઓનુંસન્માન કરવામાંઆવ્યું હતું.આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ અંતર્ગત અદાણી મેડીકાલ કોલેજના હોલ ખાતે કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ પારૂલબેન કારા, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ગઢવી, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન કરસનજીભાઈજી, જિલ્લા કલેકટરશ્રીઅમિતઅરોરા તથા અધિક કલેકટરશ્રી ઓઝા અને ગેમ્સના ડીન શ્રી ડો.એ.એન.ઘોષ, ડાયરેકટર શ્રીડા.બાલાજી પીલ્લાઈ તથાસુપ્રિ.શ્રી નરેન્દ્રહિરાણી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડા.આર.આર.કૂલમાલી તથા સી.ડી.એમ.આ.શ્રી ડો.કશ્યપબુચ સહિતના મહાનુભાવોના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, આયુષ્માન મેળા-હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આરોગ્ય મેળા- ૧૭ મી સપ્ટેમ્બર, ૨૦૨૩ થી આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના સ્તરે સાપ્તાહિક આરોગ્ય મેળા યોજાશે, જેમાં મુખ્યત્વે આરોગ્ય સંભાળનો શ્રેષ્ઠ ઉપયોગઅને જન-જાગૃતિપેદા કરવાપર ધ્યાન કેન્દ્રિત કરવામા આવશે. સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબી કેમ્પ-સ્ત્રીરોગ, બાળરોગ, સર્જરી, ઈએનટી, આંખ અને મનોરોગ વગેરેમાં નિષ્ણાંતો દ્વારાસેવાઓ સુનિશ્ચિત કરવા માટેમેડીકલકોલેજદ્વારા સામુહિક આરોગ્યકેન્દ્ર ખાતતબીબી કેમ્પોનુઆયોજન કરવામાંઆવશે. આયુષ્માન સભા- ૨ જી ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ગ્રામ્ય વિસ્તારો માટે ગ્રામ્ય સ્તરની સભા (ગ્રામસભા) અને વિવિધ આરોગ્ય સંભાળ વિશે જાગૃતિ વધારવા માટે ગ્રામ્ય આરોગ્ય સ્વચ્છતા અને પોષણ સમિતિ (વી.એચ.એસ.એન.સી.)/ શહેરી સ્થાનિક સંસ્થાની આગેવાની હેઠળ શહેરી વિસ્તારો માટે આયુષ્માન સભાયોજાશે. જેમાઆયુષ્યમાન સભા થકી ગ્રામ્ય કક્ષાએવી.એચ.એસ.એન.સી. ની મીટીંગદ્વારા પ્રચાર-પ્રસાર કરી પી.એમ.જે.એ.વાય. કાર્ડની ઉપયોગીતાને વિતરણ, આભા કાર્ડ બનાવવા,આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડવેલનેસ સેન્ટર દ્વારા બિન-ચેપી રોગો અને સિકલસેલ રોગનું સ્ક્રીનીંગ તથા ચેપી રોગો અને ક્ષય રોગનું નિર્મુલન વિગેરે જેવા રોગો, પ્રજનન અને બાળ આરોગ્યને લગતા પ્રશ્નો, સર્વીકલ, પોષણ, એનીમિયા વગેરે અંગે સમુદાયમા જાગુતી ફેલાય તે પ્રકારની કામગીરી સુદ્રઢ કરવી તેમજ સમુદાયને અનુરુપ આરોગ્ય વાતાવરણ ઉભું થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે. આયુષ્માન ગ્રામ/ વોર્ડ ઉપરોક્ત તમામ ઘટકોનુ સફળ અમલીકરણ જેવાં કે, ૧૦૦% આયુષ્માન કાર્ડનુંવિતરણ અનેઆભા આઈ ડીનુંનિર્માણ, હાઈપરટેન્શન અને ડાયાબિટીસ માટે સ્ક્રીનીંગ તપાસ, ટીબીના દર્દીઓનીઓળખ અને સારવાર, સિકલ સેલ રોગની તપાસ અને કાર્ડ વિતરણ કરનાર ગામ/ શહેરી વોર્ડ 'આયુષ્માન ગ્રામ પંચાયત અથવા આયુષ્માન અર્બન વોર્ડ' નોદરજ્જો એનાયતથશે.આયુષ્માન ભવ: ઝુંબેશ હેઠળઉપરોક્ત તમામ પ્રવૃત્તિઓ ૧૭ મીસપ્ટેમ્બર, ૨૦૨૩થી સૂચિત"સેવાપખવાડા" (૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૩ થી ૨ જીઓક્ટોબર, ૨૦૨૩) દરમિયાન કરવામાં આવશે. અને આગળ પણ ચાલુ રહેશે. આ તમામ પ્રવૃત્તિઓ ઉપરાંત, ૧૭સપ્ટેમ્બર ૨૦૨૩થી ૨ જી ઓક્ટોબર, ૨૦૨૩દરમિયાન ગ્રામીણ અને શહેરી વિસ્તારોના તમામ જાહેર આરોગ્ય સંસ્થાઓ (સબ હેલ્થ સેન્ટર-હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, સામુહિક આરોગ્યકેન્દ્ર, પેટા જિલ્લાહોસ્પિટલ, જિલ્લા હોસ્પિટલઅને મેડિકલકોલેજો) પર સ્વચ્છતા અભિયાન,ઓર્ગન ડોનેશન પ્લેજ ડ્રાઈવઅને રકતદાન શિબિર પ્રવૃત્તિઓ પુણ કરવામાંઆવશે. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તેશહેરી અને ગ્રામ્ય વિસ્તારના આયુષ્માન કાર્ડનાલાભાર્થીઓને આયુષ્માનકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેઉપરાંત ટીબીનાદર્દીને મદદરૂપ થતાનિક્ષય મિત્રનું પણ સન્માન કરવામાં આવ્યુ હતું. આતર્ક ટીબી ઓફિસર ડા.મનોજ દવે દ્વારા નિક્ષય મિત્ર અંગેમાહિતી આપીહતી. આ કાર્યક્રમમાં રાષ્ટ્રગીતતેમજ અંગદાન માટેનીપ્રતિજ્ઞા લેવડાવવામાંઆવી હતી. આ કાર્યક્રમમાંપ્રાસંગિક પ્રવચન મુખ્ય જિલ્લા આરોગ્યઅધિકારી ડૈ.આર આર કૂલમાલીએ અને આભારવિધિ ડા.અમીન અરોરાએ કરી હતી. આ તર્ક નગરપાલિકાના ઉપપ્રમુખ રેશમાબેન ઝવેરી, આર.સી.એચ.ઓ ડા જે.એ.ખત્રી, ડૈ.ટી.બી ડા.મનોજ દવે, ઈએમઓ ડા.જીતેશધુરશીયા,સહિતના પદાધિકારી-અધિકારીઓ, આરોગ્યવિભાગનોસ્ટાફ, ભુજ તાલુકાઆરોગ્ય સ્ટાફ અને આરબીએસકે સ્ટાફ તેમજ નર્સીંગ કોલેજનોવિર્દ્યાથીનીઓ ઉપસ્થિત રહી હતી.

આહવાની સરકારી કોલેજમાં બેંક ઓફ બરોડા અને જિલ્લા ઔદ્યોગિક તાલીમ કેન્દ્રની યોજનાઓની માહિતી અપાઈ

કમલમ્ ન્યુઝ,આહવા

આહવાની સરકારીવિનયન અને વાણિજય કોલેજ ખાતે દ્રજ્જી વિભાગનાસહયોગથી બેંક ઓફ બરોડા, અને જિલ્લાઔદ્યોગિક તાલીમ કેન્દ્રની વિવિધ યોજનાઓની માહિતીઆપવામાં આવીહતી. આચાર્યશ્રી ડી.યુ.કે. ગાંગુર્ડેના માર્ગદર્શન હેઠળ આયોજિતઆ કાર્યક્રમમાંબેંક ઓફ બરોડાના એલ.ડી.એમ. શ્રી જજ્ઞલ મેડા દ્વારાબેંક ઓફ બરોડાની વિવિધ યોજનાઓ વિશે સમજુતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરાયા હતા. તો શ્રીરતનભાઈ પવાર દ્વારાવિવિધ આર્થિક યોજનાઓવિશે વિગતવાર સમજૂતી પુરી પડાઈ હતી. આ ઉપરાંત ડાંગ જિલ્લા ઔદ્યોગિક તાલીમ કેન્દ્રનાફેકલ્ટી શ્રીમતીરંજનબેન દળવીદ્વારા, ડાંગજિલ્લાના ઔદ્યોગિક તાલીમ કેન્દ્રમાં વિના મુલ્યે આપવામાં આવતી વિવિધ તાલીમની માહિતી આપવા સાથે, વિદ્યાર્થીઓ આ તાલીમથી પાર્ટ ટાઈમ કામ કરી પોતાનો ખર્ચ ઉઠાવી શકે છે તમ જણાવાયુ હતું. આચાર્યશ્રી ડી.યુ.કે.ગાંગુર્ડે દ્વારા પણ વિદ્યાર્થીઓને વિવિધ યોજનાઓ અને તાલીમ અંગે માર્ગદર્શન પુરું પાડીપ્રોત્સાહિત કરાયાહતા. આકાર્યક્રમનો ૨ ૨ ડેજેટલા વિદ્યાર્થીઓએ લાભલીધોહતો કાર્યક્રમનુંસંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરશ્રી ડો.જયેશ ગાવિત દ્વારા કરાયું હતું. આભારવિધિ પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા.ઉમેશ હડસે આટોપી હતી. રાષ્ટ્ર ગાન સાથે આ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

વાડી – તરસાલીમાં પોષણ માસ નિમિત્તે બાળકોને આરોગ્યપ્રદ ઔષધિનું વિતરણ

મિલેટ્સ મેળો અને પોષણ માસની ઉજવણી નિમિત્તે યોજાયેલા આરોગ્ય કેમ્પનો ૧૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો

કમલમ્ ન્યુઝ,વડોદરા,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં સપ્ટેમ્બર ને પોષણ માસ તરીકે ઉજવવામાં આવી રહ્યાં છે ત્યારે, વડોદરા જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત આંગણવાડીઓમાંવિવિધ કાર્યક્રમો થકી પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમાં જિલ્લા પંચાયતનીઆયુર્વેદ શાખા પણ જોડાઈછે અનેમિલેટ્સ વર્ષને ધ્યાને રાખીને શ્રી અન્નાના આહારમાં નિયમિતઉપયોગ પ્રત્યે નાગરિકોમાં જાગૃતિ આવે તે માટે મિલેટ્સ મેળાનુંઆયોજન કરવામાં આવી રહ્યું છે. વાડી તરસાલી આઈસીડીસી સેન્ટરોના સુપરવાઈઝર તેજલબેન તડવીના નેતૃત્વમાં ઝવેરનગર આંગણવાડી ખાતે મિલેટ્સ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં શ્રી અન્નમાંથીબનાવવામાં આવેલી વિવિધ સ્વાદિષ્ટ અને પોષક વાન ગીઓનું નિદર્શન, સુપોષિત ભારત – સાક્ષર ભારત, સશક્ત ભારતનીથીમ ઉપર પોષણ માસની ઉજવણીપણ કરવામાંઆવી હતી. આ દરમિયાન આંગણ વાડીના બાળકોને સુવર્ણ પ્રશાનના ટીપા, બાળકો માટેઆરોગ્યપ્રદ ઔષધનું વિતરણ કરવામાં આવ્યું હતું. મિલેટ્સ મેળાઅને પોષણ માસની ઉજવણી નિમિત્તે યોજાયેલા આરોગ્ય કેમ્પનો ૧૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. જેમાં બાળકો તેમજ સગર્ભા માતાઓના આરોગ્ય નીચકાસણી કરવાની સાથે આરોગ્ય લક્ષી જાગૃતિ વર્ધક પુત્રિકાઓનું વિતરણ કરી સૌને પોષણ શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ વેળાએ જિલ્લા આયુર્વેદિક અધિકારી ડો. સુધીર જોશીએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું. આંગણવાડી કાર્યકરો, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

kamalam daily newspaper-29-08-2023

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028